## સહન કરીશું, પ્રતિક્ષા કરીશું પણ 22મીએ જન્મનો તમામ માતાનો એક સૂર રહ્યો

# દાહોદમાં પ્લાન સર્જરીથી ટ્વિન્સ સહિત 6 બાળકો જન્મ્યાં

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

અયોધ્યામાં ભગવાન શ્રીરામની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ત્યારે દાહોદ શહેરમાં પણ પડવાલ વુમન્સ હોસ્પિટલમાં આવી પાંચ માતાઓએ જન્મને યાદગાર ક્ષણ સાથે જોડવા રાહ જોઈને સોમવારે બાળકને જન્મ આપ્યા હતા . આ અંગે ડો.રાહુલ પડવાલે જણાવ્યુ હતું કે, પાંચ પૈકીની એક મહિલાને ટ્વીન્સ બાળકો હતાં. એક મહિલાને નવ વર્ષ બાદ ઘરે પારણું બંધાવાનું હતું. આ તમામ માતાઓનો એક જ સૂર હતો કે, સહન કરીશું, પ્રતિક્ષા કરીશુ પણ અમારા ઘરે 22મીના રોજ જ બાળકનો જન્મ થવો જોઈયે. આ કિસ્સામાં મારી જવાબદારી ઘણી જ વધી ગઈ હતી. શુભ સમયમાં જ તમામની એક સાથે પ્રસુતિ શક્ય ન હતી તે છતાય બે વાગ્યા સુધી તમામ પ્રસુતિ પૂર્ણ થઈ હતી.

### હું તો બાબાનું નામ રામ રાખવા જ ઇચ્છુ છું

*મારે ત્યાં પ્રથમ વખત પારણું બંધાવાનું હતું. પત્નીને ટ્વીન્સ બાળકો હતાં. પ્રતિષ્ઠાના શુભ દિવસે અમારે ત્યાં અમારા બાળકોને જન્મ થાય તેવી ઈચ્છા હતી. મારે એક બાબો અને એક બેબી આવી છે. મારા બાબાનું નામ રામ રાખુ તેવી મારી પુરી ઈચ્છા છે. પરિવાર સાથે આ બાબતે ચર્ચા કર્યા બાદ નિર્ણય લઈશું.* **» મોહીતભાઈ જૈન, પિતા, ઉદયપુર, રાજસ્થાન**

### દાહોદમાં 43 બાળકોનો જન્મ

અયોધ્યામાં પ્રતિષ્ઠા મહોતસવ ટાણે આખો દેશ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાની ખુશી મનાવી રહ્યો હતો ત્યારે આ દિવસે જ બાળકના જન્મ કેટલાય પરિવારોની ખુશીને બેડવી દીધી હતી.દાહોદ શહેરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સોમવારે ઝાયડસ હોસ્પિટલ અને ખાનગી દવાખાનાઓમાં 6 પ્લાન સર્જરી સહિત કુલ 43 બાળકોનો જન્મ થયો હતો. તેમાં 26 છોકરા અને 17 છોકરીઓ હતી. બાળકોના જન્મથી પરિવારમાં ખુશી છવાઈ હતી.

### ગોધરામાં ખાનગીમાં એક અને સિવિલમાં 4 બાળકોનો જન્મ

ગોધરામાં તા.22 જાન્યુઆરીના રોજ 4 બાળકોનો જન્મ થયો હતો. જેમાં એક ખાનગી અને 3 સિવિલ હોસ્પિટલમાં પ્રસુતી થઇ હતી. ગોધરા પાસે આવેલા ગામના નવીનભાઈ ની પત્ની રાધાબેન ગર્ભવતી હતી. ત્યારે પરિવારના સભ્યોએ ગર્ભવતી પુત્રવધુ બાળકનો જન્મ તા.22 જાન્યુઆરીના રોજ બાળકનો જન્મ થાય તે માટે આયોજન કર્યુ હતુ. પ્રતિષ્ઠાના સમયે રાધાબેને સિઝેરિયન પ્રસુતિ દ્વારા સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો હતો. જેને લઈને પરિવારમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ગોધરાની સિવિલ હોસ્પિટલમાં ત્રણ મહિલાઓએ પણ બાળકોને જન્મ આપ્યો હતો. નવજાત બાળકના પિતાએ પોતાના બાળકનું નામ રામ રાખવાનું વિચારેલ છે. પરંતુ વડિલોની સલાહ અને સુચન બાદ બાળકના નામ અંગે નિર્ણય લઈશુ.



### ગુજરાત સહિત દેશભરમાં મુહુર્ત સમયે સેંકડો બાળકોનાં જન્મ

# ‘રામ-સીતા’નું આગમનઃ પ્રાણપ્રતિષ્ઠા સાથે રાજ્યનાં શહેરોમાં 400થી વધુ શિશુનો જન્મ

- હજારો નવજાત બાળકોને રામ, સીતાનાં નામ અપાયાં, ડૉક્ટર્સની સલાહ બાદ સિઝેરિયન
- યુપીમાં મુસ્લિમ પરિવારે શિશુને રામ-રહીમ નામ આપ્યું, બરાબર 12.30 વાગ્યે જન્મ થયો

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ/નવી દિલ્હી

શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાના પાવન પ્રસંગને ધ્યાનમાં રાખીને દેશભરમાં મોટી સંખ્યામાં માતા-પિતાએ ડૉક્ટર્સની સલાહના આધારે સોમવારે શુભ મુહૂર્ત દરમિયાન બાળકોની ડિલિવરી કરાવી હતી. ગુજરાતમાં જ્યાં વિવિધ શહેરોમાં 400થી વધુ બાળકોના જન્મ થયાં હતાં. મોટી સંખ્યામાં બાળકોને પ્રભુ શ્રીરામ અને સીતા માતાના નામ અપાયાં હતાં. જ્યારે યુપીના ફિરોઝાબાદમાં મુસ્લિમ પરિવારે પોતાના નવજાત પુત્રને રામરહીમ નામ આપ્યું હતું. ગુજરાતની વાત કરીએ તો દાહોદની પડવાલ હોસ્પિટલમાં 6 બાળકની સિઝેરિયન ડિલિવરી કરવામાં આવી હતી તો ખાનગી દવાખાનામાં કુલ 43 બાળકનો જન્મ થયો હતો. વડનગરની સિવિલ હોસ્પિટલમાં 11 બાળકોનો જન્મ થયો હતો. જેમાં એક શિશુનો જન્મ બરાબર 12.30 વાગ્યે પ્રાણ પ્રતિષ્ઠા શુભ મુહૂર્ત વખતે થયો હતો. 11 પૈકી 3 સિઝેરિયન અને 8 નોર્મલ પ્રસૂતિ થઈ હતી.

પાટણની અગ્રવાલ હોસ્પિટલના ડૉ.અતુલે જણાવ્યું હતું કે અમારી હોસ્પિટલમાં શિશુનો જન્મ થતા જાણે શ્રીરામ આવ્યા હોય એવો આનંદ રેલાયો હતો. સાબરકાંઠાના જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર રાજ સુતરીયાએ જણાવ્યું કે જિલ્લામાં 49 પીએચસી,13 સીએચસી અને 02 સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સહિત સરકારી દવાખાનાઓમાં 22 જાન્યુઆરીએ 27 બાળકોની ઈડીબી એક્સપેક્ટેડ ડેટ ઓફ બર્થ-અપેક્ષિત જન્મ માટે તારીખ આપવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે સાંજે 4 વાગ્યા સુધીમાં જિલ્લાની 29 ...અનુસંધાન પાના નં. 4



દાહોદની હોસ્પિટલમાં નવજાત શિશુઓ શ્રીરામ પ્રાણપ્રતિષ્ઠાના રંગે રંગાયા હતા.

### બે મહિનામાં 1 લાખ લોકો શ્રીરામના દર્શને જશે એવો અંદાજ

# રામજન્મભૂમિ માટે ગુજરાતથી 88 વિશેષ ટ્રેન શરૂ કરાશે, દેશભરમાં સૌથી વધારે

- 29 જાન્યુ.થી સાબરમતી, સુરત, પાલનપુર સહિતના શહેરોમાંથી ટ્રેન

લવકુશ મિશ્રા | સુરત

અયોધ્યાના રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પછી હવે કેન્દ્ર સરકારે રામલલ્લાનાં દર્શનવાંચ્છુ શ્રદ્ધાળુઓ માટે વિશેષ ટ્રેનોની જાહેરાત કરી દીધી છે. સમગ્ર દેશમાંથી અયોધ્યા જવા માટે 200

**ગુજરાતનાં આ શહેરોમાં સૌથી વધુ આસ્થા વિશેષ ટ્રેન**

| શહેર | વિશેષ ટ્રેન |
|---|---|
| સાબરમતી | 17 |
| પાલનપુર | 18 |
| સુરત | 09 |
| મહેસાણા | 19 |
| વડોદરા | 03 |
| વાપી | 02 |
| વલસાડ | 03 |

આસ્થા અયોધ્યા વિશેષ ટ્રેન દોડાવાશે, તેમાંથી પશ્ચિમ રેલવેને 91 ટ્રેન મળી છે ...અનુસંધાન પાના નં. 4

**આસ્થા ટ્રેનોનું બુકિંગ પેક થઇ રહ્યું છે**

રેલ અધિકારીઓના કહેવા પ્રમાણે રાજકીય પક્ષો, ધાર્મિક સંગઠનો, સામાજિક સંગઠનો અને અન્ય સંસ્થાઓ તરફથી ગ્રૂપમાં આ ટ્રેનોની માગ કરાઈ હતી. તમામ ટ્રેન લગભગ પેક થઈ ગઈ છે. હાલમાં રેલવેના બુકિંગ વિન્ડો પરથી આ ટ્રેનોનું બુકિંગ નહીં થાય. આસ્થા વિશેષ ટ્રેનમાં સ્લીપર એસી/નોન એસી એમ બંને કોચ જોડી દેવાયા છે. તેમાં ખાણીપીણીની સુવિધા પણ છે.

દિવ્ય ભાસ્કર મુંબઇ 23-01-2024

## ગુજરાત સહિત દેશભરમાં મુહુર્ત સમયે સેંકડો બાળકોનાં જન્મ

# ‘રામ-સીતા’નું આગમન: પ્રાણપ્રતિષ્ઠા સાથે રાજ્યનાં શહેરોમાં 400થી વધુ શિશુનો જન્મ

- હજારો નવજાત બાળકોને રામ, સીતાનાં નામ અપાયાં, ડૉક્ટર્સની સલાહ બાદ સિઝેરિયન
- યુપીમાં મુસ્લિમ પરિવારે શિશુને રામ-રહીમ નામ આપ્યું, બરાબર 12.30 વાગ્યે જન્મ થયો

**ભાસ્કર ન્યૂઝ** | અમદાવાદ/નવી દિલ્હી

શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાના પાવન પ્રસંગને ધ્યાનમાં રાખીને દેશભરમાં મોટી સંખ્યામાં માતા-પિતાએ ડોક્ટર્સની સલાહના આધારે સોમવારે શુભ મુહૂર્ત દરમિયાન બાળકોની ડિલિવરી કરાવી હતી. ગુજરાતમાં જ્યાં વિવિધ શહેરોમાં 400થી વધુ બાળકોના જન્મ થયાં હતાં. મોટી સંખ્યામાં બાળકોને પ્રભુ શ્રીરામ અને સીતા માતાના નામ અપાયાં હતાં. જ્યારે યુપીના ફિરોઝાબાદમાં મુસ્લિમ પરિવારે પોતાના નવજાત પુત્રને રામરહીમ નામ આપ્યું હતું. ગુજરાતની વાત કરીએ તો દાહોદની પડવાલ હોસ્પિટલમાં 6 બાળકની સિઝેરિયન ડિલિવરી કરવામાં આવી હતી તો ખાનગી દવાખાનામાં કુલ 43 બાળકનો જન્મ થયો હતો. વડનગરની સિવિલ હોસ્પિટલમાં 11 બાળકોનો જન્મ થયો હતો. જેમાં એક શિશુનો જન્મ બરાબર 12.30 વાગ્યે પ્રાણ પ્રતિષ્ઠા શુભ મુહૂર્ત વખતે થયો હતો. 11 પૈકી 3 સિઝેરિયન અને 8 નોર્મલ પ્રસૂતિ થઈ હતી.

પાટણની અગ્રવાલ હોસ્પિટલના ડૉ.અતુલે જણાવ્યું હતું કે અમારી હોસ્પિટલમાં શિશુનો જન્મ થતા જાણે શ્રીરામ આવ્યા હોય એવો આનંદ રેલાયો હતો. સાબરકાંઠાના જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર રાજ સુતરીયાએ જણાવ્યું કે જિલ્લામાં 49 પીએચસી,13 સીએચસી અને 02 સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સહિત સરકારી દવાખાનાઓમાં 22 જાન્યુઆરીએ 27 બાળકોની ઈડીબી એક્સપેક્ટેડ ડેટ ઓફ બર્થ-અપેક્ષિત જન્મ માટે તારીખ આપવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે સાંજે 4 વાગ્યા સુધીમાં જિલ્લાની 29 ...અનુસંધાન પાના નં. 2



દાહોદની હોસ્પિટલમાં નવજાત શિશુઓ શ્રીરામ પ્રાણપ્રતિષ્ઠાના રંગે રંગાયા હતા.

## બે મહિનામાં 1 લાખ લોકો શ્રીરામના દર્શને જશે એવો અંદાજ

# રામજન્મભૂમિ માટે ગુજરાતથી 88 વિશેષ ટ્રેન શરૂ કરાશે, દેશભરમાં સૌથી વધારે

- 29 જાન્યુ.થી સાબરમતી, સુરત, પાલનપુર સહિતના શહેરોમાંથી ટ્રેન

**લવકુશ મિશ્રા** | સુરત

અયોધ્યાના રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પછી હવે કેન્દ્ર સરકારે રામલલ્લાનાં દર્શનવાંચ્છુ શ્રદ્ધાળુઓ માટે વિશેષ ટ્રેનોની જાહેરાત કરી દીધી છે. સમગ્ર દેશમાંથી અયોધ્યા જવા માટે 200 આસ્થા અયોધ્યા વિશેષ ટ્રેન દોડાવાશે, તેમાંથી પશ્ચિમ રેલવેને 91 ટ્રેન મળી છે ...અનુસંધાન પાના નં. 2

### ગુજરાતનાં આ શહેરોમાં સૌથી વધુ આસ્થા વિશેષ ટ્રેન

| શહેર | વિશેષ ટ્રેન | | |
|---|---|---|---|
| સાબરમતી | 17 | મહેસાણા | 19 |
| પાલનપુર | 18 | વડોદરા | 03 |
| સુરત | 09 | વાપી | 02 |
| | | વલસાડ | 03 |

### આસ્થા ટ્રેનોનું બુકિંગ પેક થઇ રહ્યું છે

રેલ અધિકારીઓના કહેવા પ્રમાણે રાજકીય પક્ષો, ધાર્મિક સંગઠનો, સામાજિક સંગઠનો અને અન્ય સંસ્થાઓ તરફથી ગ્રૂપમાં આ ટ્રેનોની માગ કરાઈ હતી. તમામ ટ્રેન લગભગ પેક થઈ ગઈ છે. હાલમાં રેલવેના બુકિંગ વિન્ડો પરથી આ ટ્રેનોનું બુકિંગ નહીં થાય. આસ્થા વિશેષ ટ્રેનમાં સ્લીપર એસી/નોન એસી એમ બંને કોચ જોડી દેવાયા છે. તેમાં ખાણીપીણીની સુવિધા પણ છે.